## ■ ગહુંલી તથા Art & Craft ■

તપોવન સંસ્કારધામ - નવસારીમાં બાળકોની Creativity ને બહાર લાવવા Art & Craft તેમજ ગહુંલીના Class શ્રી જ્યોત્સનાબેન દ્વારા ચલાવવામાં આવે છે. Art & Craft માં બાળકોને પેપરરોઝ, વોલફ્લાવર, પેનસ્ટેન્ડ, ફ્લાવરપોટ, હટ, પેપરલેમ્પ, પીકોક મોડલ વીથ ફ્રેમ રીયલ ફીધર્સ, બીટ્સ ફ્લાવર વિગેરે ઘણી વસ્તુઓ શીખવાડવામાં આવી. ઉપરાંત ગહુંલીમાં ઘણાં બાળકોએ 25 થી વધુ જાતની ગહુંલી શીખી છે.

1. આયુષ વિપુલભાઈ શાહ - 200
2. આકાશ રાજેશભાઈ તાતેડ - 120
3. સંખેશ રાજેશભાઈ સંઘવી - 90
4. રાજેશ અશોકભાઈ જૈન - 90
5. પ્રિયાંશુ પ્રકાશભાઈ જૈન - 90
6. અંશ નીકેશભાઈ વારૈયા - 80
7. પ્રતિક સંજયભાઈ જૈન - 80
8. પ્રિત રાજેન્દ્રભાઈ જૈન - 70
9. નયન મહેન્દ્રભાઈ સાંકલેચા - 60
10. વિરાંગ સંજયભાઈ જૈન - 50
11. અમીષ નીકેશભાઈ વારૈયા - 50
12. શ્રુત મનોજકુમાર જૈન - 30
13. ભાવેશ અરવિંદભાઈ જૈન - 30
14. જૈનીશ મીઠાલાલજી ધોકડ - 25
15. પલાશ પ્રવિણભાઈ જૈન - 25

શિયાળાની મોસમને ધ્યાનમાં રાખીને તપોવની બાળકો રોજ સવારે પ્રાણાયામ - યોગાસન - કસરતનો લાભ મેળવી રહ્યા છે.

## ■ મોટાભાઈ-માસીબાને વાચના ■

તપોવન સંસ્કારધામ હરહંમેશ બાળકોના સંસ્કરણ માટે કાર્યરત છે. બાળકોનું પૂ. ગુરુજી તો સંસ્કરણ કરે જ છે, પણ તે સંસ્કરણના દિવામાં ચમચીભર ઘી પૂરવા રૂપ સહાયક બનતા મોટાભાઈ-માસીબાને પણ તૈયાર કરવાનું કામ પૂ.ગુરુમાના શિષ્યો કરી રહ્યા છે, અને તેના ભાગરૂપે દરરોજ સવારે 9:30 થી 10:30 મોટાભાઈ-માસીબાને વાચના દ્વારા પૂ.પં.શ્રી રાજરક્ષીત વિ.મ.સા., પૂ.પં.શ્રી ભવ્યકીર્તિ વિ. મ.સા., પૂ.શ્રી અનંતસુંદર વિ. મ.સા. વિગેરે તૈયાર કરી રહ્યા છે.



## ■ મ્યુઝીક ■

તપોવની બાળકોમાં રહેલી ટેલેન્ટને આગળ વધારવા 5th to 9th ના બાળકોની Ability ને ચકાસી તેમાંથી વોકલ-ફ્લૂટ-તબલાં વિગેરે માટે બાળકોની અલગ-અલગ Batch તૈયાર કરી ઝડપથી આગળ વધારવાના પ્રયત્ન રૂપ રાત્રી ક્લાસો પણ શરૂ કરાયા છે.

## ■ માણીભદ્રની આરતી & સ્નાત્ર, પૂ.શ્રીને વહોરાવવું ■

બાળકોમાં એક સંસ્કાર પડે તેમજ જ્ઞાનપ્રાપ્તિના હેતુથી ક્લાસવાઈઝ દરરોજ સ્નાત્રપૂજા તથા માણીભદ્રની આરતી કરવાનું આયોજન ચાલુ છે. બાળકો જાતે જ સ્નાત્રપૂજા ભણાવી જ્ઞાનપ્રાપ્ત કરી રહ્યા છે. તે જ રીતે એકગૃપ રોજ પૂ.શ્રીને વહોરાવવાનો લાભ પ્રાપ્ત કરી રહ્યા છે.

## ■ Music Exam ■

બાળકોને Outdoor-Indoor Sports ની સાથે મ્યુઝીકલ ઈન્સ્ટ્રુમેન્ટસનું પણ ઊંડુ જ્ઞાન તપોવન-નવસારીમાં આપવામાં આવે છે, અને અમુક-અમુક સમય ગાળાના અંતે બાળકોને Exam પણ અપાવવામાં આવે છે. હમણાંજ નવેમ્બર-૨૦૧૭ માં તપોવની બાળકોએ ''અખીલ ભારતીય વેરાવળ સંગીત સમિતી'' દ્વારા લેવાતી સંગીતની અલગ-અલગ પરીક્ષાઓમાં વોકલ, હારમોનિયમ, તબલાં તથા ફ્લૂટની પ્રારંભીકથી મધ્યમા - પ્રથમા સુધીની Exams આપેલ છે. આ બાળકોને તૈયાર કરવામાં સંગીત ટીચર શ્રી મુકેશભાઈની દેખરેખમાં વિવિધ કોચ કામગીરી બજાવી રહ્યા છે.

## ■ રાત્રી કુટુંબ મેળો ■

બાળકોને દેશ-વિદેશનું નોલેજ મળી રહે ઉપરાંત રોજ-બરોજ બનતી ઘટનાઓનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય, વકતવ્ય શક્તિ ખીલે તે હેતુ દરેક વર્ગમાં રોજ રાત્રે કુટુંબમેળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ન્યુઝપેપર રીડીંગ, બાળકોના વકતવ્ય, માસીબાની જ્ઞાનસભર વાર્તા, જનરલ નોલેજ વિગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

બાળકો આ કુટુંબમેળામાં સમગ્ર દિવસમાં બનેલ બનાવોની આપ-લે કરીને મુક્તમને ચર્ચા કરે છે, તથા પોતાના પ્રોબ્લેમ્સનું સોલ્યુશન મેળવે છે.